| Alt + Space | વિન્ડોઝનું સિસ્ટમ મેનૂ જોવા માટે |
| Backspace | સબફોલ્ડરથી મેઈન ફોલ્ડર પર જવા માટે |
| Alt + → arrow | આગળના પેજ પર જવા માટે |
| Alt + Left Arrow | પાછળના પેજ પર જવા માટે |
| Ctrl +Alt + Break | રિમોટ વિન્ડોને ફુલ સ્કીનમાં બદલવા માટે. |
| WINDOWS | |
| Win Key | સ્ટાર્ટ મેનૂ ઓપન કરવા માટે |
| Win + Break | સિસ્ટમ પ્રોપર્ટી જોવા માટે |
| Win + D | ઓપન થયેલી બધી વિન્ડોઝને મિનિમાઈઝ કરવા માટે |

DEMO COPY

TICKET NO. 8

# ગુજરાતી વ્યાકરણ



## 8.1 જોડાક્ષર પરિચય અને ધ્વનિશ્રેણીક્રમ

બે કે તેથી વધુ વ્યંજનો સ્વરની મેળવણી વિના સાથોસાથ આવી જાય છે ત્યારે તેને જોડાક્ષર કહેવામાં આવે છે. જોડાક્ષરને સંયુક્તાક્ષર પણ કહેવામાં આવે છે.

⇨ શબ્દના સ્વર અને વ્યંજનને છૂટા પાડવાની પ્રક્રિયાને ધ્વનિશ્રેણી ક્રમ કહેવાય છે. શબ્દના અંતે વ્યંજન આવે અને તેમાં 'અ' સ્વર રહેલો હોય તો ઉચ્ચારણ આધારિત જવાબ આવે.

⇨ વિજ્ઞાન = વ્ + ઈ + જ્ + ઞ્ + આ + ન્ + અ

વિદ્વાન = વ્ + ઈ + દ્ + વ્ + આ + ન્

⇨ શબ્દના અંતે આવેલા વ્યંજનમાં 'અ' સિવાયનો કોઈપણ સ્વર હોય તો ફરજિયાત તેને છૂટો પાડવો.

⇨ શબ્દના અંતે જોડાક્ષર હોય અને તેમાં 'અ' સ્વર રહેલો હોય તો ફરજિયાત છૂટો પાડવો.

| ધ્વનિશ્રેણી | જોડાક્ષર |
|---|---|
| ક્ + ષ્ + અ | ક્ષ |
| જ્ + ઞ્ + અ | જ્ઞ |
| ત્ + ર્ + અ | ત્ર |
| અ્ + ઉ + મ | ૐ |

| શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|
| ચરિત્ર | ચ્ + અ + ર્ + ઈ + ત્ + ર્ + અ |
| નક્ષત્ર | ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ |
| વિશેષજ્ઞ | વ્ + ઈ + શ્ + એ + ષ્ + અ + જ્ + ઞ્ + અ |

○ **'દ' ધ્વનિના જોડાક્ષર**

| જોડાક્ષર | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|
| દ્ + દ = દ્દ | મુદ્દો | મ્ + ઉ + દ્ + દ્ + ઓ |
| દ્ + ધ = દ્ધ | શુદ્ધ | શ્ + ઉ + દ્ + ધ્ + અ |
| દ્ + મ = દ્મ | પદ્મ | પ્ + અ + દ્ + મ્ + અ |
| દ્ + ય = દ્ય | વિદ્યા | વ્ + ઈ + દ્ + ય્ + આ |
| દ્ + ર = દ્ર | મુદ્રા | મ્ + ઉ + દ્ + ર્ + આ |
| દ્ + વ = દ્વ | દ્વિતીય | દ્ + વ્ + ઈ + ત્ + ઈ + ય્ |
| દ્ + ઋ = દૃ | દૃશ્ય | દ્ + ઋ + શ્ + ય્ + અ |

○ **'ધ' ધ્વનિના જોડાક્ષર**

| જોડાક્ષર | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|
| ધ્ + ધ = ધ્ધ | અધ્ધર | અ + ધ્ + ધ્ + અ + ર્ |
| ધ્ + ય = ધ્ય | સંધ્યા | સ્ + અં + ધ્ + ય્ + આ |
| ધ્ + ર = ધ્ર | ધ્રુવ | ધ્ + ર્ + ઉ + વ્ |
| ધ્ + વ = ધ્વ | ધ્વજ | ધ્ + વ્ + અ + જ્ |
| ધ્ + ઋ = ધૃ | ધૃતિ | ધ્ + ઋ + ત્ + ઈ |

○ **'શ' ધ્વનિના જોડાક્ષર**

| જોડાક્ષર | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|
| શ્ + ર = શ્ર | શ્રદ્ધા | શ્ + ર્ + અ + દ્ + ધ્ + આ |
| શ્ + વ = શ્વ | શ્વાન | શ્ + વ્ + આ + ન્ |
| શ્ + ચ = શ્ચ | નિશ્ચિત | ન્ + ઈ + શ્ + ચ્ + ઈ + ત્ |
| શ્ + ય = શ્ય | શ્યામ | શ્ + ય્ + આ + મ્ + અ |
| શ્ + ર = શ્ર | શ્રાવ્ય | શ્ + ર્ + આ + વ્ + ય્ + અ |

○ **'હ' ધ્વનિના જોડાક્ષર**

| શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|
| બ્રહ્મ | બ્ + ર્ + અ + હ્ + મ્ + અ |
| હ્રસ્વ | હ્ + ર્ + અ + સ્ + વ્ + અ |
| હૃષ્ટપુષ્ટ | હ્ + ઋ + ષ્ + ટ્ + અ + પ્ + ઉ + ષ્ + ટ્ + અ |

○ **'ર' ધ્વનિ ઉચ્ચારણમાં પહેલા આવે તો**

| શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|
| સર્પ | સ્ + અ + ર્ + પ્ + અ |
| વર્ણન | વ્ + અ + ર્ + ણ્ + અ + ન્ |
| પદાર્થ | પ્ + અ + દ્ + આ + ર્ + થ્ + અ |

○ **'ર' ધ્વનિ ઉચ્ચારણમાં પછી આવે તો**

| શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|
| ક્રમ | ક્ + ર્ + અ + મ્ |
| પરિશ્રમ | પ્ + અ + ર્ + ઈ + શ્ + ર્ + અ + મ્ |
| વિદ્રોહ | વ્ + ઈ + દ્ + ર્ + ઓ + હ્ |

DEMO COPY

## 8.8 છંદ

સાહિત્યનું એક આકર્ષક રસકેન્દ્ર તે કવિતા. કવિતા મુખ્યત્વે પદ્યમાં રચાય છે. કવિતામાં દરેક પંક્તિ અમુક ચોક્કસ માપની હોય છે. છંદ એ કવિતાનું માપ છે.

⇨ કવિતાના શબ્દોને લયસૌંદર્ય આપવાનું કામ છંદો કરે છે.

⇨ રા. વિ. પાઠક છંદની વ્યાખ્યા આપતાં કહે છે : **'છંદ એટલે અક્ષરના ઉચ્ચારણમાંથી જન્મતી માપની સિદ્ધ સુમેળવાળી વાણીનો આકાર'**

### ○ છંદના નિયમો

#### ❑ લઘુ અક્ષરો

**લઘુ એટલે નાનું.** જે વર્ણના ઉચ્ચારણમાં ઓછો સમય લાગતો હોય તેવા વર્ણને લઘુ અથવા હ્રસ્વ વર્ણ કહેવાય છે. હ્રસ્વ સ્વરથી યુક્ત અક્ષરો લઘુ અક્ષરો કહેવાય છે.

⇨ અ , ઈ , ઉ , ઋ – હ્રસ્વ સ્વર

⇨ ક , કિ , કુ , કૃ – લઘુ અક્ષરો

#### ❑ ગુરુ અક્ષરો

**ગુરુ એટલે મોટું.** જેનો ઉચ્ચાર કરતાં વધુ સમય લાગે છે તે વર્ણને દીર્ઘ અથવા ગુરુ વર્ણ કહેવાય છે. આ દીર્ઘ સ્વરથી યુક્ત અક્ષરો ગુરુ અક્ષરો કહેવાય છે.

⇨ આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં,અઃ – દીર્ઘ સ્વર

⇨ કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ – ગુરુ અક્ષરો

#### ❑ લઘુ-ગુરુ અક્ષરોની સંજ્ઞા

1. અક્ષર લઘુ હોય તો ' U ' (લ એટલે લઘુ અક્ષર)
2. અક્ષર ગુરુ હોય તો ' – ' (ગા એટલે ગુરુ અક્ષર)

#### ❑ લઘુ-ગુરુ વર્ણ માટેના નિયમો

▪ **નિયમ 1**

શબ્દમાં જ્યારે જોડાક્ષર–સંયુક્તાક્ષર હોય ત્યારે ઉચ્ચારણ દરમિયાન જોડાક્ષરના અર્ધવ્યંજનનો થડકાર આગળના વર્ણ પર આવતો હોય તો આગળનો વર્ણ લઘુ હોય તો પણ તે ગુરુ બને છે.

| | | |
|---|---|---|
| – U U | – U | – U |
| ક્ષ ત્રિ ય | શ ક્તિ | ધ ર્મ |

⇨ પરંતુ જ્યાં જોડાક્ષર હોવા છતાં આગળના વર્ણ પર થડકાર આવતો નથી ત્યાં સુધી તે લઘુ જ રહે છે. ઉદા. કર્યું, ભણ્યો, મેળવ્યું આ ઉદાહરણોમાં **'ક'**, **'વ'**, **'ળ'** વર્ણ થડકાર પામતો ન હોવાથી લઘુ ગણાય છે.

▪ **નિયમ 2**

લઘુ અક્ષરો ઉપર તીવ્ર અનુસ્વાર આવે તો તે લઘુ અક્ષર ગુરુ ગણાય છે. (ઙ, ઞ, ણ, ન્, મ્) અનુનાસિક ઉચ્ચારણવાળો વર્ણ ગુરુ બને છે.

⇨

| | | |
|---|---|---|
| U – U | – – | – – U |
| અ નં ત | ગં ગા | સં પૂ ર્ણ |

▪ **નિયમ 3**

**વિસર્ગ**વાળો અક્ષર લઘુ હોય છે, પણ વિસર્ગનો ઉચ્ચાર થતો હોય તો તે ગુરુ ગણાય છે.

| | | |
|---|---|---|
| – | – | – |
| અં તઃ કરણ | નિઃ શેષ | પ્રાતઃ કાળ |

▪ **નિયમ 4**

પંક્તિને અંતે આવેલો લઘુ અક્ષર ગુરુ બને છે.

#### ❑ ગણરચના

છંદશાસ્ત્રમાં ત્રણ અક્ષરોના સમૂહને ગણ કહેવામાં આવે છે. ગણની કુલ સંખ્યા આઠ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| U | – | – | – | U | – | U | U | U | – |
| ય | મા | તા | રા | જ | ભા | ન | સ | લ | ગા |

| ક્રમ | ગણ | બંધારણ | નિશાની | | | ઉદાહરણ |
|---|---|---|---|---|---|---|
| 1. | ય | યમાતા | U | – | – | સમીક્ષા |
| 2. | મ | માતારા | – | – | – | આકાંક્ષા |
| 3. | ત | તારાજ | – | – | U | આકાશ |
| 4. | ર | રાજભા | – | U | – | માનવી |
| 5. | જ | જભાન | U | – | U | ગણેશ |
| 6. | ભ | ભાનસ | – | U | U | શંકર |
| 7. | ન | નસલ | U | U | U | કનક |
| 8. | સ | સલગા | U | U | – | મમતા |

#### ❑ પારિભાષિક શબ્દો

▪ **ચરણ**

છંદના પૂરેપૂરા માપવાળી પંક્તિને **'ચરણ'** કહેવાય છે. ચરણને **પદ** કે **પાદ** તરીકે પણ ઓળખવામાં આવે છે.

▪ **શ્લોક કે કડી**

સામાન્ય રીતે બે કે ચાર ચરણનો શ્લોક કે કડી હોઈ શકે છે. જેમાં કવિ જે ભાવ પ્રગટ કરતો હોય તે પૂર્ણપણે વ્યકત થવો જોઈએ.

▪ **યતિ**

કાવ્યપંક્તિના ઉચ્ચારણ વખતે સ્વાભાવિક રીતે અમુક સ્થાને ક્ષણિક વિરામ લેવો પડે છે. આ વિરામ સ્થાનને **'યતિ'** કહેવાય છે.

⇨ દરેક છંદોમાં યતિનું સ્થાન નિશ્ચિત હોય છે.

▪ **યતિભંગ**

યતિનું સ્થાન દરેક છંદોમાં નિશ્ચિત હોય છે પણ જો યતિનું સ્થાન બદલાય તો તેને **'યતિભંગ'** કહેવાય.

⇨ ગુજરાતી છંદશાસ્ત્રમાં છંદના નીચે મુજબના પ્રકારો જોવા મળે છે.

DEMO COPY

YUVA UPNISHAD PUBLICATION

# ગુજરાતી વ્યાકરણ

**Amazon.in ની વિવિધ શ્રેણીમાં 'ગુજરાતી વ્યાકરણ' પુસ્તકે મેળવેલા Top Ranks**

1st RANK BESTSELLER GPSC Catagory on amazon.in
1st RANK HOT NEW RELEASES GPSC Catagory on amazon.in
1st RANK MOVERS AND SHAKERS Books Catagory on amazon.in
2nd RANK BESTSELLER Books GEC Catagory on amazon.in
3rd RANK HOT NEW RELEASES Books Catagory on amazon.in




## પુસ્તકની વિશેષતા

- ધો. 1 થી 12 ના પાઠ્યપુસ્તકો (GCERT) તથા પ્રતિષ્ઠિત સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કરેલું પુસ્તક
- ચાર્ટ અને કોષ્ટકો દ્વારા સરળ ભાષામાં રજૂઆત
- જોડણી, સંધિ, સમાસ, નિપાત, કૃદંત, વાક્યના પ્રકારો, વિશેષણ, વાક્યશુદ્ધિ વગેરે જેવા પ્રકરણોનો અલગ ભાગરૂપે સમાવેશ
- જોડણીભેદ–અર્થભેદ, પૂર્વપ્રત્યય–પરપ્રત્યય, સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ, તળપદા શબ્દો, કહેવતો વગેરે શબ્દભંડોળલક્ષી પ્રકરણોનો અલગ ભાગરૂપે સમાવેશ
- છંદને યાદ રાખવા માટે સૂત્ર સ્વરૂપે સરળ સમજૂતી
- છંદ અને અલંકારની પંક્તિઓ કવિના નામ સાથે
- દરેક પ્રકરણના અંતે અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો તથા મહાવરા માટેના 3000થી વધુ પ્રશ્નોનો સમાવેશ

યુવા ઉપનિષદ્ પબ્લિકેશનના પુસ્તકો હવે amazon અને Flipkart પર ઉપલબ્ધ

YUVA UPNISHAD FOUNDATION — Watch Us On YouTube

DOWNLOAD NOW — YUVA UPNISHAD FOUNDATION
AVAILABLE ON Play Store / Classplus — ORG Code : AAIJU

| ADAJAN | VARACHHA | KATARGAM | VYARA | MANDVI | VALSAD | CHIKHLI | DHARAMPUR | GANDHINAGAR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 83479 30810 | 88494 82275 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 99094 39622 | 85115 39971 | 97260 86976 |

Join us : YouTube / Yuva Upnishad Foundation

| | | |
|---|---|---|
| સક્રિય | × | નિષ્ક્રિય |
| સત્કર્મ | × | દુષ્કર્મ |
| સરળ | × | કઠિન |
| સ્મિત | × | રુદન |
| સુંદર | × | બેડોળ, કદરૂપું |
| સવેળા | × | કવેળા |
| સંક્ષિપ્ત | × | વિસ્તૃત |
| સુદિ | × | વદિ |
| સોહામણું | × | ડરામણું |
| સ્નિગ્ધ | × | કઠણ |
| સુંવાળું | × | બરછટ, ખરબચડું |
| સાર્થક | × | નિરર્થક |
| સ્વાવલંબી | × | પરાવલંબી |
| સદાચાર | × | દુરાચાર |
| સહિયારું | × | નોખું |
| સ્વાર્થ | × | પરમાર્થ , નિસ્વાર્થ |
| સ્વાવલંબી | × | પરાવલંબી |
| સાર્થક | × | નિરર્થક |
| સ્વાધીનતા | × | પરાધીનતા |
| સંધિ | × | વિગ્રહ |
| સાવધ | × | ગાફેલ |
| સાક્ષર | × | નિરક્ષર |
| સજ્જન | × | દુર્જન |
| સાહસ | × | દુઃસાહસ |
| સહધર્મી | × | વિધર્મી |
| સાપેક્ષ | × | નિરપેક્ષ |
| સુમતિ | × | કુમતિ |
| સન્મુખ | × | વિમુખ |
| સક્કર્મી | × | અક્કર્મી |
| સત્યવક્તા | × | મિથ્યાભાષી |
| સત્યાગ્રહ | × | દુરાગ્રહ |
| સદ્ભાગ્ય | × | દુર્ભાગ્ય |
| સુહાગણ, સધવા | × | વિધવા |
| સ્વર્ગ | × | નરક, નર્ક |
| હર્ષ | × | શોક |
| હાનિ | × | લાભ |
| હેત | × | ધિક્કાર |
| હાલક ડોલક | × | સ્થિર |

## 8.14 શબ્દસમૂહ માટે એક શબ્દો

| | | |
|---|---|---|
| શકત કે ઘરડાં ઢોરોને રાખવાનું ધર્માદા સ્થાન | – | પાંજરાપોળ |
| અનાજ ભરવાનો ઓરડો; ભંડાર, વખાર | – | કોઠાર |
| અડધી ઉંમરે પહોંચેલું | – | આધેડ |
| અમુક આકારનું લોખંડનું ગચિયું, જેના ઉપર સોની, લુહાર ઘડવાનું ઘડે છે | – | એરણ |
| અનુરાગ કે સ્પૃહા વિનાનું | – | વિરકત |
| અનાજનું એક નાનું માપ | – | પાલી |
| અપરાધ કર્યો હોય તેવો, ગુનેગાર જેવો | – | કૃતાપરાધ |
| અગાઉથી ચાલી આવતી રસમ | – | રૂઢિ |
| અનાજ ભરવાનું માટીનું મોટું વાસણ, માટીનો ઊંચો નળો | – | કોઠી |
| વહાણો બાંધવાનું અને ઊભા રાખવાનું બંદર | – | ગોદી |
| આશ્વાસનયુકત શબ્દો | – | આશ્વાસો |
| આળસમાં નાખી દેવું, આળસથી કે કંટાળાથી છોડી દેવું | – | અળસાવું |
| આનંદ સાથે લેવાતું ભોજન | – | મિજબાની |
| આંબલી વૃક્ષનું બીજ, આમલીનો ઠળિયો | – | કચૂકો |
| આંખને ગમી જાય તેવું | – | નયનાભિરામ |
| આંગળી ઉપરના સાંધા આગળનો કાપો | – | વેઢ, વેઢો |
| એક સાથે સો વસ્તુઓ યાદ રાખવાની શકિત | – | શતાવધાન |
| એક સાથે સો વાતો પર ધ્યાન આપનાર કે સાંભળીને યાદ રાખનાર | – | શતાવધાની |
| ઓઢવાની જાડી ચાદર | – | પિછોડી(પછેડી ) |
| ઔષધ વગેરે કચરવાનું કે ઘૂંટવાનું વાટકા જેવા ઘાટનું પથ્થરનું એક સાધન | – | ખલ |
| ઉપર ઓઢવાનું વસ્ત્ર | – | ઉપરણું |
| કન્યા વિદાય વખતે કન્યાની મા મંગળનો દીવો લે છે તે | – | રામણદીવડો |
| કસવાળું કપડું, કસવાળી નાની ચોળી | – | કમખો |
| કામ કઢાવી લેવાની કળા | – | કુનેહ |
| કાયમ મુસાફરી કરનાર | – | ચિરપથિક |
| કોસની આગળના ભાગમાં પાણી કાઢવા માટેનું ગોળાકાર ચામડું | – | બોખ |
| કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ, ભેટસોગાદની ચીજ | – | સંપેતરું |
| ખોટી રીતે પડાવી લેવું | – | ઉચાપત |
| ખોબામાં સમાય તેટલું પાણી કે ફૂલ લઈ અર્પવાની ક્રિયા | – | અંજલિ |

DEMO COPY

TICKET NO. 9

# English Grammar

## 9.1 Primary Auxiliary Verbs (Be, Have & Do) પ્રાથમિક સહાયક ક્રિયાપદો

⇨ Primary Auxiliary verbs માં to be, to do અને to haveના રૂપોનો સમાવેશ થાય છે.

### ❍ To be

To be : હોવું, થવું, બનવું

⇨ ઉપયોગ : આદેશ કે વિનંતી દર્શાવવા, વર્તમાનકાળ અને ભૂતકાળની પ્રશ્નાર્થ અને નકાર વાકયરચનામાં સહાયકારક ક્રિયાપદ તરીકે

⇨ To beને Helping verb તરીકે પણ ઓળખવામાં આવે છે.

Table No : 9.1 **To beના રૂપો**

| Person | Singular | | Plural | |
|---|---|---|---|---|
| | વર્તમાનકાળના રૂપો | ભૂતકાળના રૂપો | વર્તમાનકાળ ના રૂપો | ભૂતકાળના રૂપો |
| First person | I am | I was | We are | We were |
| Second person | You are | You were | You are | You were |
| Third person | He is | He was | They are | They were |
| | She is | She was | | |
| | It is | It was | | |

❑ **To beના ઉપયોગો**

■ **કર્તા પછી મુખ્ય ક્રિયાપદ તરીકે**

**Example**

1. He is a boy.

■ **આદેશ કે વિનંતી દર્શાવવા માટે**

**Example**

1. Be quite.

■ **વર્તમાનકાળના રૂપોમાં**

**Example**

1. I am singing now.

■ **ભૂતકાળના રૂપોમાં**

**Example**

1. I was singing.

■ **પ્રશ્નાર્થ વાકયમાં સહાયકારક ક્રિયાપદ તરીકે**

**Example**

1. Are you going to school?

■ **નકાર વાકયમાં સહાયકારક ક્રિયાપદ તરીકે**

**Example**

1. I am not going to school.

■ **Question tagની રચનામાં**

**Example**

1. They are going to school, aren't they?

### ❍ To have

To have : પાસે હોવું, સંબંધ હોવો અને માલિકી હોવી

⇨ ઉપયોગ : માલિકી, અનુભવ, પ્રાપ્તિ, મેળવવું ના અર્થમાં મુખ્ય ક્રિયાપદ તરીકે, સાદા વર્તમાનકાળ અને ભૂતકાળ, પૂર્ણ વર્તમાનકાળ અને ભૂતકાળની વિવિધ વાકયરચનામાં સહાયકારક ક્રિયાપદ તરીકે

Table No : 9.2 **To haveના રૂપો**

| Person | Singular | | Plural | |
|---|---|---|---|---|
| | વર્તમાનકાળના રૂપો | ભૂતકાળ ના રૂપો | વર્તમાનકાળના રૂપો | ભૂતકાળ ના રૂપો |
| First person | I have | I had | We have | We had |
| Second person | You have | You had | You have | You had |
| Third person | He has | He had | They have | They had |
| | She has | She had | | |
| | It has | It had | | |

❑ **To have ના ઉપયોગો**

■ **માલિકી, અનુભવ, પ્રાપ્તિ, મેળવવું ના અર્થમાં મુખ્ય ક્રિયાપદ તરીકે**

**Example**

1. I have three pencils.
2. I had my lunch yesterday.

■ **પૂર્ણ વર્તમાનકાળમાં**

**Example**

1. The movie has not begun yet.

DEMO COPY
YUVA PUBLICATION

❑ **નકાર વાક્ય દરમિયાન થતાં ફેરફાર**

જો A.V. માં વાક્ય નકાર હોય ત્યારે તેનું P.V. માં રૂપાંતર કરતી વખતે A.V. માં જો સહાયકારક ક્રિયાપદ Do/ Does/ Did + not હોય તો વસ્તુ (Obj.)ને ધ્યાનમાં રાખી P.V. માં Am/Is/Are/ Was/Were + not લખાય છે. જયારે A.V. માં Will not/Shall not/Have not/ Has not/ Had not હોય તો P.V. માં તે જ રહેશે.

**Example**

1. **A.V :** They do not carry heavy bags.
   **P.V :** Heavy bags are not carried by them.

❑ **કાળ સૂચક વાક્યોમાં થતાં ફેરફાર**

❑ **Simple Present Tense (સાદો વર્તમાનકાળ)**

| Table No : 9.11 | સાદા વર્તમાનકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + $V_1$ / $V_5$ + Obj. |
| P.V. | Obj.+ **am/ is /are** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** Sudha Murthy writes a novel.
   **P.V :** A novel is written by Sudha Murthy.
2. **A.V :** Seema does not speak English.
   **P.V :** English is not spoken by Seema.

❑ **Continuous Present Tense (ચાલુ વર્તમાનકાળ)**

| Table No : 9.12 | ચાલુ વર્તમાનકાળ માટે A.V - P.V ની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + am / is / are +V(ing) + Obj. |
| P.V. | Obj. + **am / is / are + being** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** Children are playing cricket.
   **P.V :** Cricket is being played by children.
2. **A.V :** She is not singing a song.
   **P.V :** A song is not being sung by her.

❑ **Perfect Present Tense (પૂર્ણ વર્તમાનકાળ)**

| Table No : 9.13 | પૂર્ણ વર્તમાનકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + have / has +$V_3$ + Obj. |
| P.V. | Obj.+ **have/ has + been** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** I have taken a decision.
   **P.V :** A decision has been taken by me.
2. **A.V :** Rahul has not seen this movie.
   **P.V :** This movie has not been seen by Rahul.

❑ **Simple Past Tense (સાદો ભૂતકાળ)**

| Table No : 9.14 | સાદા ભૂતકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + $V_2$ + Obj. |
| P.V. | Obj.+ **was/were** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** I saw a film yesterday.
   **P.V :** A film was seen by me yesterday.
2. **A.V :** Karan did not send a message.
   **P.V :** A message was not sent by Karan.

❑ **Continuous Past Tense (ચાલુ ભૂતકાળ)**

| Table No : 9.15 | ચાલુ ભૂતકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + $V_2$ + Obj. |
| P.V. | Obj.+ was/were + being + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** Pradeep was watching movie last night.
   **P.V :** Movie was being watched by Pradeep last night.
2. **A.V :** They were not making paper boats.
   **P.V :** Paper boats were not being made by them.

❑ **Perfect Past Tense (પૂર્ણ ભૂતકાળ)**

| Table No : 9.16 | પૂર્ણ ભૂતકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + had +$V_3$ + Obj. |
| P.V. | Obj.+ **had + been** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** The Government had passed this circular.
   **P.V :** This circular had been passed by the Government.
2. **A.V :** I had not visited the Taj Mahal.
   **P.V :** The Taj Mahal had not been visited by me.

❑ **Simple Future Tense (સાદો ભવિષ્યકાળ)**

| Table No : 9.17 | સાદા ભવિષ્યકાળ માટે A.V - P.Vની વાક્યરચના |
|---|---|
| A.V. | Sub. + shall/will + $V_1$ + Obj. |
| P.V. | Obj.+ **shall be / will be** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** We shall pay fees tomorrow.
   **P.V :** Fees will be paid by us tomorrow.
2. **A.V :** Alpesh will not receive any messages.
   **P.V :** Any message will not be received by Alpesh.

**Note** Modal Auxiliaries નું Passive Voice માં રૂપાંતર કરતી વખતે સાદા ભવિષ્યકાળની જેમ જ સહાયકારક ક્રિયાપદ "be" આવશે.

| | |
|---|---|
| A.V. | Sub. + M.A. + Base verb + Obj. |
| P.V. | Obj. + M.A. + **be** + $V_3$ + by + Sub. |

**Example**

1. **A.V :** I can lift 100k.g. Sack.
   **P.V :** 100k.g. sack can be lifted by me.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

YUVA UPNISHAD PUBLICATION

1st Edition 2023

# English Grammar

ગુજરાતી સમજૂતી સાથે

**For All Competitive Exams**

| 1st RANK | 1st RANK | 1st RANK | 1st RANK | 3rd RANK | 9th RANK | 4th RANK |
|---|---|---|---|---|---|---|
| HOT NEW RELEASES | BESTSELLERS | HOT NEW RELEASES | BESTSELLERS | HOT NEW RELEASES | BESTSELLERS | HOT NEW RELEASES |
| GPSC Category | GPSC Category | SPSE Category | SPSE Category | Government Exam | Government Exam | Exam Preparation |




## પુસ્તકની વિશેષતાઓ

- મહત્વના મુદ્દાઓની ગુજરાતી ભાષામાં સરળ સમજ.
- NCERT/GCERT તેમજ અન્ય આધારભૂત સ્ત્રોતોનો સંદર્ભ.
- અગત્યના Rules, Conceptsનો Notes સ્વરૂપે સમાવેશ.
- 150થી વધુ ટેબલ અને 115થી વધુ Figures દ્વારા જટિલ મુદ્દાઓની સરળ રજૂઆત.
- દરેક પ્રકરણના અંતે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ અગાઉની પરીક્ષાઓમાં પૂછાયેલા 1700થી વધુ તેમજ મહાવરા માટેના 2550થી વધુ એમ કુલ 4250થી વધુ પ્રશ્નોનો સમાવેશ.
- વિવિધ Tense (કાળ)માં થતી મૂંઝવણની Line Chart દ્વારા સમજૂતી તથા કાળની સરખામણીનો સમાવેશ.
- વિવિધ Prepositionની ચિત્રો દ્વારા સમજૂતી તથા સરખામણી.
- Parts of Speech, Articles, Prepositions, Conjuctions, Tense, Active-Passive Voice, Direct-Indirect Speech, Degree વગેરે જેવા પ્રકરણોની સરળ ભાષામાં સમજૂતી.
- Useful Important Concepts પ્રકરણ દ્વારા પરીક્ષામાં પૂછાતા Confusing Pointsની સરળ સમજૂતી.
- Comprehension, Omitted Word, Jumbles, Correct-Incorrect Sentence જેવા પ્રકરણોનો સમાવેશ.

PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

YUVA UPNISHAD FOUNDATION — Watch Us On YouTube

DOWNLOAD NOW — YUVA UPNISHAD FOUNDATION

AVAILABLE ON Play Store, Classplus — ORG Code : AAIJU

| ADAJAN | VARACHHA | KATARGAM | VYARA | MANDVI | VALSAD | CHIKHLI | DHARAMPUR | GANDHINAGAR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 83479 30810 | 88494 82275 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 99094 39622 | 85115 39971 | 97260 86976 |

Follow us on : / Yuva Upnishad Foundation

**Example**

1. Ajay is **the smartest** student in the school.
2. Aishwarya Rai is **the most beautiful** woman in the world.

### ❑ વિશેષણ કે ક્રિયા વિશેષણના રૂપો

સામાન્ય રીતે વિશેષણ કે ક્રિયાવિશેષણને છેડે –er પ્રત્યય લગાડવાથી Comparative Degreeનું અને –est પ્રત્યય લગાડવાથી Superlative Degree નું રૂપ ને છે. જેમ કે,

| Positive Degree | Comparative Degree | Superlative Degree |
|---|---|---|
| clever | clever**er** | clever**est** |
| fast | fast**er** | fast**est** |
| high | high**er** | high**est** |
| large | larg**er** | larg**est** |
| long | long**er** | long**est** |

▪ **જો વિશેષણ કે ક્રિયા વિશેષણનાં છેલ્લાં અક્ષરો v ly, lly, ent, ant, ing, ous, lar, able, ive, ful, ed, lt વગેરે આવેલ હોય તો Comparative Degreeનું રૂપ બનાવવા માટે વિશેષણ કે ક્રિયાવિશેષ્ણની પૂર્વે more અને Superlative Degree નું રૂપ બનાવવા માટે વિશેષ્ણ કે ક્રિયાવિશેષણની પૂર્વે most મૂકવામાં આવે છે.**

| Positive Degree | Comparative Degree | Superlative Degree |
|---|---|---|
| attractive | **more** attractive | **most** attractive |
| beautiful | **more** beautiful | **most** beautiful |
| brilliant | **more** brilliant | **most** brilliant |

## 9.16 Alphabetical Order (મૂળાક્ષર ક્રમ)

⇨ Alphabatical Orderમાં ગોઠવણી કરતી વખતે શરૂઆતમાં શબ્દોનો પ્રથમ મૂળાક્ષર, દ્વિતિય મૂળાક્ષર... એમ તબક્કાવાર મૂળાક્ષરોને ધ્યાનમાં રાખીને તેમને યોગ્ય Alphabatical orderમાં ગોઠવવામાં આવે છે.

**Example**

1. નીચેના શબ્દોને Alphabatical orderમાં ગોઠવો.

   Adjective, Phrase, Example, Definition

⇨ અહીં દર્શાવેલા શબ્દોનો પ્રથમ મૂળાક્ષર ધ્યાનમાં લેતાં, Alphabatical order નીચે મુજબ લખી શકાશે.

1. Adjective 2. Definition 3. Example 4. Phrase

⇨ જો Alphabatical Orderમાં ગોઠવણી કરતી વખતે શબ્દોના મૂળાક્ષર એકસમાન હોય તો જે તે શબ્દોના તેના પછીના મૂળાક્ષરોને ધ્યાનમાં લેવામાં આવે છે.

**Example**

1. નીચેના શબ્દોને Alphabatical orderમાં ગોઠવો.

   Block, Black, Brand, Bread

⇨ અહીં દર્શાવેલા શબ્દોનો પ્રથમ મૂળાક્ષર એક સમાન હોવાથી આ શબ્દોના દ્વિતિય મૂળાક્ષરને ધ્યાનમાં રાખીને તેમને Alphabatical Orderમાં ગોઠવવામાં આવે છે.

1. Black 2. Block 3. Brand 4. Bread

## 9.17 Jumbles (ગુંચવાયેલા શબ્દો)

### ❍ Rearrange the sentence

Rearrange the sentenceમાં શબ્દો અયોગ્ય ક્રમમાં આપવામાં આવે છે જેને વ્યાકરણની દ્રષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવીને વાકયને અર્થપૂર્ણ બનાવવાનું રહેશે.

**Rearrange the jumbled words and make meaningful sentence.**

1. arrested (1) /four criminals (2) /were (3) /in Varanasi (4)
   Sequence 2 3 1 4
   Sentence Four criminals were arrested in Varanasi.
2. tried to steal (1) /they (2) /from the museum (3) /a Buddha statue (4)
   Sequence 2 1 4 3
   Sentence They tried to steal a Buddha statue from the museum.
3. in place (1) /the famous (2) /statue (3) /is back (4)
   Sequence 2 3 4 1
   Sentence The famous statue is back in place.
4. Department (1) /the museum (2) /authorities thanked (3) / the Police (4)
   Sequence 2 3 4 1
   Sentence The museum authorities thanked the Police Department.
5. once again (1) /now open for (2) /the museum is (3) /tourists (4)
   Sequence 3 2 4 1
   Sentence The museum is now open for the tourists once again.
6. have leaves (1) /but spiny (2) /needles (3) /they do not (4)
   Sequence 4 1 2 3
   Sentence They do not have leaves but spiny needles.
7. cacti flowers (1) / are big and(2) /bloom at night(3) /some of them (4)
   Sequence 1 2 4 3
   Sentence Cacti flowers are big and some of them bloom at night.
8. absorb water (1) /from fog (2) /cacti can (3) /in the air (4)
   Sequence 3 1 2 4
   Sentence Cacti can absorb water from fog in the air.
9. is (1) /plant (2) /aloe vera (3) /a common cactus (4)
   Sequence 3 1 4 2
   Sentence Aloe vera is a common cactus plant.
10. of cactus (1) / a large (2) /are found (3) /variety (4)
    Sequence 2 4 1 3
    Sentence A large variety of cactus are found.

DEMO COPY

TICKET NO. 10

# ગણિત



## 10.1 સંખ્યા પદ્ધતિ અને અપૂર્ણાંક

### ❍ સંખ્યાઓનું વર્ગીકરણ (Classification of Numbers)

❑ **પ્રાકૃતિક સંખ્યાઓ (Natural Numbers) (N)**

$N = \{1,2,3,4,5,6,7, \ldots \infty\}$

❑ **પૂર્ણ સંખ્યાઓ (Whole Numbers) (W)**

પૂર્ણ સંખ્યાને "W" વડે દર્શાવવામાં આવે છે.

$W = \{0,1,2,3,4,5,6,7, \ldots \infty\}$

❑ **પૂર્ણાંક સંખ્યાઓ (Integers) (Z)**

← ઋણ પૂર્ણાંક     ધન પૂર્ણાંક →

$Z = \{-\infty, \ldots, -3, -2, -1 \quad 0 \quad 1, 2, 3, \ldots, \infty\}$

← ઊતરતો ક્રમ     ચડતો ક્રમ →

ધન પૂર્ણાંક સંખ્યા $Z^+ = \{1, 2, 3, 4 \ldots \infty\}$ ઋણ પૂર્ણાંક સંખ્યા $Z^- = \{-1, -2, -3, -4 \ldots -\infty\}$

❑ **સંમેય સંખ્યાઓ (Rational Numbers) (Q)**

એવી સંખ્યા કે જેને $\frac{p}{q} = \frac{\text{અંશ}}{\text{છેદ}}$ સ્વરૂપમાં દર્શાવી શકાય તેવી સંખ્યાને સંમેય સંખ્યા કહેવાય છે. (જ્યાં p અને q એ પૂર્ણાંક સંખ્યા છે અને $q \neq 0$) જેમાં p એ અંશની સંખ્યા છે અને q એ છેદની સંખ્યા છે.

**ઉદા.** = $\left\{\frac{3}{5}, -\frac{5}{8}, \frac{3}{1}\right\}$ વગેરે.

❑ **અસંમેય સંખ્યાઓ (Irrational Numbers)**

જે સંખ્યાને $\frac{p}{q} = \frac{\text{અંશ}}{\text{છેદ}}$ સ્વરૂપમાં દર્શાવી ન શકાય તેવી સંખ્યાને અસંમેય સંખ્યા કહેવાય છે. અસંમેય સંખ્યાઓનું ચોક્કસ મૂલ્ય ન હોવાથી આશરે મૂલ્ય લઈએ છીએ. જે સંખ્યાનું ચોક્કસ વર્ગમૂળ નીકળી ન શકે તે બધી સંખ્યાઓ અસંમેય સંખ્યા થશે.

⇨ અસંમેય સંખ્યાને દશાંશ પદ્ધતિમાં લખતા તેમાં દશાંશ પછીના અંકોનું પુનરાવર્તન થતું નથી કે સમાપ્ત થતા નથી.

**ઉદા.** = $\{\sqrt{5}, \sqrt{3}, \pi, e, \sqrt{11}, 1.41421356\}$ વગેરે

❑ **વાસ્તવિક સંખ્યાઓ (Real Numbers) (R)**

સંમેય અને અસંમેય સંખ્યાઓના મિશ્રણથી બનતી સંખ્યાને વાસ્તવિક સંખ્યા કહેવાય છે.

$N \subset W \subset Z \subset Q \subset R$

**ઉદા.** = $\left\{\frac{3}{4}, -\frac{8}{15}, \sqrt{17}\right\}$ વગેરે

### ❍ સ્થૂળકિંમત/મૂળકિંમત (Face Value)

સંખ્યામાં કોઈ પણ અંકની કિંમત તે જ અંક હોય તો તેને સ્થૂળકિંમત કહે છે. આ કિંમતને દાર્શનિક કિંમત પણ કહે છે.

અહીં, સંખ્યાના પ્રત્યેક અંકની કિંમત તેના સ્થાન પર આધાર રાખતી નથી.

જેમ કે, 53893 માટે

5 3 8 9 3

- 3 ની મૂળ કિંમત = 3
- 9 ની મૂળ કિંમત = 9
- 8 ની મૂળ કિંમત = 8
- 3 ની મૂળ કિંમત = 3
- 5 ની મૂળ કિંમત = 5

### ❍ સ્થાનકિંમત (Place Value)

કોઈ પણ સંખ્યામાં અંકની સ્થાનકિંમત તેના સ્થાનના આધારે નક્કી કરવામાં આવે તેને અંકની સ્થાનકિંમત કહે છે.

અહીં, સંખ્યાના પ્રત્યેક અંકની કિંમત તેના સ્થાન પર આધાર રાખે છે.

જેમ કે, 53893 માટે

5 3 8 9 3

- × 1 — 3 ની સ્થાન કિંમત = 3
- × 10 — 9 ની સ્થાન કિંમત = 90
- × 100 — 8 ની સ્થાન કિંમત = 800
- × 1000 — 3 ની સ્થાન કિંમત = 3000
- × 10000 — 5 ની સ્થાન કિંમત = 50000

### ❍ સંખ્યાઓના અન્ય પ્રકારો

❑ **વિભાજ્ય સંખ્યાઓ (Composite Numbers)**

જે સંખ્યાઓના 2થી વધુ અવયવ પાડી શકાતા હોય તેને વિભાજ્ય સંખ્યા કહે છે.

**ઉદા.** = 4, 6, 8, 9, 10, 12 વગેરે.

❑ **અવિભાજ્ય સંખ્યાઓ (Prime Numbers)**

જે સંખ્યાના ફક્ત બે જ અવયવ પાડી શકાતા હોય તેને અવિભાજ્ય સંખ્યા કહે છે.

⇨ અવિભાજ્ય સંખ્યાનો એક અવયવ 1 અને બીજો અવયવ તે સંખ્યા પોતે હોય છે.

**ઉદા.** = 2, 3, 5, 7, 11, 13 વગેરે.

DEMO COPY

8. જો 100 માણસો 100 કામ 100 દિવસમાં પૂરું કરે તો, એક કામ એક માણસ કેટલા દિવસમાં પૂરું કરશે ?

(A) 1000 દિવસ (B) 100 દિવસ

(C) 10,000 દિવસ (D) ઉપરમાંથી એકપણ નહીં

⇨ ANS. (B)

$\frac{M_1D_1}{W_1} = \frac{M_2D_2}{W_2}$

$\therefore \frac{100 \times 100}{100} = \frac{1 \times D_2}{1}$

$\therefore D_2 = 100$ દિવસ

## 10.15 નળ અને ટાંકી

### ❍ અગત્યના મુદ્દા

જો નળ A અને નળ B અનુક્રમે $x$ તથા y સમયમાં ટાંકી ભરે અથવા ખાલી કરે તો, **ટાંકી ભરાતા લાગતો સમય** $= \frac{xy}{x+y}$




| ઉદા. | નળ A (કલાકમાં) | નળ B (કલાકમાં) | |
|---|---|---|---|
| (1) | 30 | 70 | $= \frac{30 \times 70}{30+70} = \frac{2100}{100} = 21$ |
| (2) | 20 | −70 | $= \frac{20 \times (-70)}{20-70} = \frac{-1400}{-50} = 28$ |

**યાદ રાખો :**

- જો ટાંકી નળથી ભરાતી હોય = ધન (+) ચિહ્ન
- જો ટાંકી ખાલી થતી હોય = ઋણ(−) ચિહ્ન

### વિવિધ પ્રકારના પ્રશ્નોની સમજૂતી

1. નળ A ટાંકીને 10 કલાકમાં ભરે છે. નળ B ટાંકીને 12 કલાકમાં ભરે છે. જો બંને નળ એકસાથે ખોલવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાશે ?

⇨




A + B ની કાર્યક્ષમતા = 6 + 5 = 11

A + B ને લાગતો સમય $= \frac{60}{11} = 5\frac{5}{11}$ કલાક

2. નળ A ટાંકીને 12 કલાકમાં ભરે છે. જ્યારે નળ B સાથે મળીને ટાંકીને 8 કલાકમાં ભરે છે. તો માત્ર નળ B ટાંકીને કેટલા સમયમાં ભરશે ?

⇨




A + B ની કાર્યક્ષમતા = 3

2 + B = 3

B ની કાર્યક્ષમતા = 3 − 2 = 1

B ને લાગતો સમય $= \frac{24}{1}$

= 24 કલાક

3. નળ A ટાંકીને 16 કલાકમાં ભરે છે. નળ B ટાંકીને 20 કલાકમાં ખાલી કરે છે. જો બંને નળ એકસાથે ખોલવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાશે ?

⇨




અહીં, ટાંકી ભરનાર નળ A ની કાર્યક્ષમતા 5 અને ટાંકી ખાલી કરનાર નળ B ની કાર્યક્ષમતા 4 છે.

∴ બંને નળ સાથે ખોલતા મળતી કાર્યક્ષમતા =

A − B ની કાર્યક્ષમતા = 5 − 4 = 1

A − B ને લાગતો સમય $= \frac{80}{1} =$ 80 કલાક

4. નળ A કોઈ ટાંકીને 6 કલાકમાં ભરે છે પરંતુ લીકેજને કારણે ટાંકીને ભરાતાં 2 કલાક જેટલો સમય વધારે લાગે છે. તો સંપૂર્ણ ભરાયેલી ટાંકીને લીકેજ દ્વારા ખાલી થતાં કેટલો સમય લાગશે ?

⇨




A − B ની કાર્યક્ષમતા = 3

4 − B = 3

B = 4 − 3 = 1

B ને લાગતો સમય $= \frac{24}{1}$ = 24 કલાક

5. જો $\frac{1}{4}$ ભાગની ટાંકી 135 લીટર પાણીથી ભરાય છે. આપેલ છે કે ટાંકીમાં 180 લીટર પાણી છે તો ટાંકીનો કેટલો ભાગ ભરાયો હશે?

[Gujarat Postal Circle - MTS - 2017]

(A) $\frac{1}{3}$ (B) $\frac{1}{6}$

(C) $\frac{2}{5}$ (D) $\frac{2}{3}$

DEMO COPY

YUVA UPNISHAD PUBLICATION

1ST EDITION 2022

વર્ગ-3 પરીક્ષા વિશેષ

# ગણિત

Quantitative Aptitude

કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી




## પુસ્તકની વિશેષતાઓ

- ‘વર્ગ-3’ની પરીક્ષાના ગણિત (અંક ક્ષમતા) વિષયના અભ્યાસક્રમના વિષયવસ્તુને અનુરૂપ વિસ્તૃત માહિતી સાથેના 22 પ્રકરણો.
- દરેક પ્રકરણની શરૂઆતમાં ‘પાયાની સમજ’ રૂપે જરૂરી થિયરીનો સમાવેશ.
- અગત્યની માહિતીઓની ‘કોષ્ટક’ સ્વરૂપે સરળ રજૂઆત. ગાણિતિક ગણતરીઓની સરળ સમજુતી માટે શોર્ટકટ પદ્ધતિઓ, સૂત્રો, ટેબલ, ચાર્ટ તથા આકૃતિઓનો સમાવેશ.
- પુસ્તકના અંતે ગણિતના અગત્યના સૂત્રોનું સંકલન.

## વિશેષ આકર્ષણ

- 261 પ્રકારના 605 પ્રશ્નોનો ઉકેલ સહિત સમાવેશ.
- દરેક પ્રકરણના અંતે વર્ગ-3ની અગાઉની પરીક્ષામાં પૂછાયેલા 985 પ્રશ્નોની સમજૂતી સાથે રજૂઆત.
- સ્વ-મૂલ્યાંકન હેતુ આન્સર-કી સાથેના મહાવરા માટેના 880 પ્રશ્નો.
- કુલ 2470 પ્રશ્નોનો સમાવેશ.

PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

| ADAJAN | VARACHHA | KATARGAM | VYARA | MANDVI | VALSAD | CHIKHLI | DHARAMPUR | GANDHINAGAR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 83479 30810 | 88494 82275 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 99094 39622 | 85115 39971 | 97260 86976 |

Follow us on : / Yuva Upnishad Foundation

14. બિંદુ P (2, 4 ) અને Q (-3, 4) વચ્ચેનું અંતર =
[GSSSB Mechanic Dt. 14-02-2021]

(A) 2 (B) 3
(C) 4 (D) 5

⇨ ANS. (D)

$PQ = \sqrt{(x_1 - x_2)^2 + (y_1 - y_2)^2}$

$= \sqrt{\left(2-(-3)\right)^2 + (4-4)^2}$

$= \sqrt{25+0} = \sqrt{25}$

$PQ = 5$

## 10.19 પરિમિતિ અને ક્ષેત્રફળ

| પરિમિતિ (Perimeter) | ક્ષેત્રફળ (Area) |
|---|---|
| • બંધ આકૃતિની સીમારેખાની કુલ લંબાઈને પરિમિતિ કહે છે.<br>• એટલે બંધ આકૃતિની બધી જ બાજુઓના માપના સરવાળાને પરિમિતિ કહે છે.<br>• પરિમિતિનો એકમ મીટર, સેન્ટિમીટર(સે.મી.) વગેરે છે. | • દ્વિપરિમાણીય બંધ આકૃતિ દ્વારા ઘેરાયેલા સમતલ ભાગને તે આકૃતિનું ક્ષેત્રફળ કહે છે.<br>• ક્ષેત્રફળનો એકમ ચોરસ મીટર(ચો.મી. કે મીટર² કે મી.²), ચોરસ સેન્ટિમીટર (ચો.સે.મી. કે સેન્ટિમીટર² કે સે.મી.²) વગેરે છે. |

### ત્રિકોણ




પરિમિતિ $= a + b + c$

ક્ષેત્રફળ $= \frac{1}{2} \times$ પાયો $\times$ વેધ $= \frac{1}{2} \times c \times h$

ક્ષેત્રફળ(હેરોનનું સૂત્ર)

$= \sqrt{S(S-a)(S-b)(S-c)}$

(જ્યાં $S = \frac{a+b+c}{2}$)

### ચતુષ્કોણ

- ચાર અસમરેખ બિંદુઓને ક્રમમાં જોડવાથી બનતી બંધ આકૃતિને ચતુષ્કોણ કહે છે.
- ચતુષ્કોણના ચારેય ખૂણાઓનો સરવાળા 360° થાય છે.
- ચતુષ્કોણના સામસામેના શિરોબિંદુ ઓને જોડતા રેખાખંડને વિકર્ણ (Diagonal) કહે છે.

#### ચોરસ




જે બંધ આકૃતિની ચારેય બાજુ સમાન હોય અને ચારેય ખૂણા કાટખૂણા હોય તેને ચોરસ કહે છે.

- $AB = BC = CD = AD = a$ અને $\angle A = \angle B = \angle C = \angle D = 90°$
- $AB^2 + BC^2 = AC^2$
- વિકર્ણ $(AC) = \sqrt{2} \times a$
- ચોરસના બંને વિકર્ણો પરસ્પર કાટખૂણે દુભાગે છે. બંને વિકર્ણોના માપ સમાન હોય છે.
- દરેક ચોરસ સમબાજુ ચતુષ્કોણ છે પરંતુ દરેક સમબાજુ ચતુષ્કોણ ચોરસ નથી.

પરિમિતિ $= a + a + a + a = 4a$ ક્ષેત્રફળ $= a \times a = a^2$

#### લંબચોરસ




જે બંધ આકૃતિની સામસામેની બે બાજુ સમાન હોય અને ચારેય ખૂણા કાટખૂણા હોય તેને લંબચોરસ કહે છે.

- $AB = CD = a4$ $BC = AD = b$ અને $\angle A = \angle B = \angle C = \angle D = 90°$
- $AB^2 + BC^2 = AC^2$
- વિકર્ણ $(AC) = \sqrt{a^2 + b^2}$
- લંબચોરસના બંને વિકર્ણો પરસ્પર દુભાગે છે. બંને વિકર્ણોના માપ સમાન હોય છે.
- દરેક ચોરસ લંબચોરસ છે પરંતુ દરેક લંબચોરસ ચોરસ નથી.

પરિમિતિ $= a + b + a + b = 2(a + b)$ ક્ષેત્રફળ $= a \times b$

DEMO COPY

TICKET NO. 11

# રિઝનીંગ



## 11.1 સમસંબંધ

### ○ પ્રકાર-1 શબ્દ સમસંબંધ (word analogy)

શબ્દ સમસંબંધના પ્રશ્નોમાં આપેલા જોડકાંમાંથી સમાન સંબંધ કે ગુણધર્મ શોધી અને તેના જેવો સંબંધ કે ગુણધર્મ વિકલ્પોમાંથી શોધવાનો હોય છે.

⇨ Ex.1 લંબાઈ : મીટર : : ક્ષેત્રફળ : ...........

(A) ઘનમીટર (B) વર્ગમીટર
(C) મીટર (D) કિલોમીટર

ANS. (B) વર્ગમીટર
EX. અહીં, જે રીતે લંબાઈનો એકમ મીટર છે, તે રીતે ક્ષેત્રફળનો એકમ વર્ગમીટર થાય છે.

⇨ Ex.2 અમૂલ : આણંદ : : મધર : ...........

(A) મહેસાણા (B) અમદાવાદ
(C) જૂનાગઢ (D) ગાંધીનગર

ANS. (D) ગાંધીનગર
EX. અહીં, જે રીતે અમૂલ ડેરી આણંદમાં આવેલી છે, તે રીતે મધર ડેરી ગાંધીનગરમાં આવેલી છે.

### ○ પ્રકાર-2 મૂળાક્ષર સમસંબંધ (Alphabet analogy)

મૂળાક્ષર સમસંબંધમાં અંગ્રેજીના મૂળાક્ષરો અથવા મૂળાક્ષરોથી બનેલા જૂથ વચ્ચે સંબંધ આપેલો હોય છે. આ પ્રકારના સમસંબંધને ઉકેલવા માટે મૂળાક્ષરોનો આગળથી અને પાછળથી ક્રમ યાદ રાખવો જરૂરી છે.

**1. મૂળાક્ષરો વચ્ચે સમાન અંતરમાં વધારો/ઘટાડો**

Ex.1 GHI : KLM : : STU : ?

(A) VWX (B) WXY (C) WYX (D) XYW

ANS. (B) WXY

અહીં,

G H I
+4 ↓ +4 ↓ +4 ↓
K L M

તે જ રીતે,

S T U
+4 ↓ +4 ↓ +4 ↓
W X Y

**2. મૂળાક્ષરો વચ્ચે અસમાન અંતરમાં વધારો/ઘટાડો**

Ex.1 ACPQ : BESU : : MNGI : ?

(A) NPJL (B) NOJM (C) NPIL (D) NPJM

ANS. (D) NPJM

અહીં,

A C P Q
+1 ↓ +2 ↓ +3 ↓ +4 ↓
B E S U

તે જ રીતે,

M N G I
+1 ↓ +2 ↓ +3 ↓ +4 ↓
N P J M

**3. મૂળાક્ષરો વચ્ચે ક્રમિક વધારો/ઘટાડો**

Ex.1 AZBY : CXDW : : EVFU : ?

(A) GHTS (B) JGSH (C) GTHS (D) GSTH

ANS. (B) GTHS

અહીં,

A Z B Y
+2 ↓ −2 ↓ +2 ↓ −2 ↓
C X D W

તે જ રીતે,

E V F U
+2 ↓ −2 ↓ +2 ↓ −2 ↓
G T H S

**4. વિરોધિ મૂળાક્ષરો**

Ex.1 SANDY : HZMWB : : CRATE : ?

(A) XIZVG (B) XIZGV (C) XIGZV (D) XZIGV

ANS. (B) XIZGV

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## ❍ પ્રકાર-1 મૂળાક્ષર કોડિંગ (Letter Coding)

અંગ્રેજીમાં 26 મૂળાક્ષરો (21 વ્યંજન & 5 સ્વર) હોય છે. મૂળાક્ષરોનો આગળથી અને પાછળથી ક્રમ નીચે મુજબ આપી શકાય છે.

| આગળથી ક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષરો | A | B | C | D | E | F | G | H | I | J | K | L | M |
| પાછળથી ક્રમ | 26 | 25 | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 |

| આગળથી ક્રમ | 26 | 25 | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષરો | Z | Y | X | W | V | U | T | S | R | Q | P | O | N |
| પાછળથી ક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |

### ❑ મૂળાક્ષરોના ક્રમમાં ફેરબદલ

1. જો કોઈ એક સાંકેતિક ભાષામાં APPLEનો કોડ ELPPA થાય તો ORANGEનો કોડ શોધો.

A P P L E

E L P P A

O R A N G E

E G N A R O

∴ ORANGEનો કોડ **EGNARO** થાય.

### ❑ મૂળાક્ષરોના ક્રમમાં વધારો/ઘટાડો

1. જો કોઈ એક સાંકેતિક ભાષામાં MILANનો કોડ NHMZO થાય તો JUDAI નો કોડ શોધો.

| M | I | L | A | N |
|---|---|---|---|---|
| +1 | -1 | +1 | -1 | +1 |
| N | H | M | Z | O |

| J | U | D | A | I |
|---|---|---|---|---|
| +1 | -1 | +1 | -1 | +1 |
| K | T | E | Z | J |

∴ JUDAIનો કોડ **KTEZJ** થાય.

## ❍ પ્રકાર-2 સીધું કોડિંગ (Direct Coding)

### ❑ મૂળાક્ષરો માટે અન્ય મૂળાક્ષરો કે સંખ્યાનો ઉપયોગ

1. જો કોઈ એક સાંકેતિક ભાષામાં CARPENTERનો કોડ PZLAXYQXL થાય તો TENT નો કોડ શોધો.

| C | A | R | P | E | N | T | E | R |
|---|---|---|---|---|---|---|---|---|
| P | Z | L | A | X | Y | Q | X | L |

| T | E | N | T |
|---|---|---|---|
| Q | X | Y | Q |

∴ TENTનો કોડ **QXYQ** થાય.

2. જો કોઈ એક સાંકેતિક ભાષામાં WORLDનો કોડ 36459 થાય અને INDIAનો કોડ 12918 થાય તો RONALD નો કોડ શોધો.

| W | O | R | L | D | I | N | D | I | A |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 4 | 5 | 9 | 1 | 2 | 9 | 1 | 8 |

| R | O | N | A | L | D |
|---|---|---|---|---|---|
| 4 | 6 | 2 | 8 | 5 | 9 |

∴ RONALDનો કોડ **462859** થાય.

## ❍ પ્રકાર-3 સબસ્ટીટ્યુશનલ કોડિંગ (Substitutional Coding)

### ❑ કોઈ શબ્દ માટે કોડ તરીકે બીજા શબ્દનો ઉપયોગ

1. એક સાંકેતિક ભાષામાં હવાને અગ્નિ, પાણીને પથ્થર, અગ્નિને પાણી અને પથ્થરએ હવા તરીકે ઓળખાય છે. જો તમને તરસ લાગી હોય તો આ કોડ પ્રમાણે પીવા માટે તમે શું આરોગશો ?

| મૂળનામ | હવા | પાણી | અગ્નિ | પથ્થર |
|---|---|---|---|---|
| કોડ | અગ્નિ | પથ્થર | પાણી | હવા |

∴ તરસ લાગી હોય તો પાણી પીવામાં આવે છે પરંતુ આપેલ સાંકેતિક ભાષામાં પાણીનો કોડ **પથ્થર** છે.
આથી, તરસ લાગતા પથ્થર આરોગીશું.

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

YUVA UPNISHAD PUBLICATION

2nd Edition 2023

# REASONING

## તાર્કિક અભિયોગ્યતા

કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી




PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરીચયનો વિડીયો અમારી Youtube ચેનલ પર ઉપ્લબ્ધ છે.

Watch Us On YouTube

YUVA UPNISHAD FOUNDATION ONLINE

### પુસ્તકની વિશેષતા

- કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના તાર્કિક અભિયોગ્યતાના અભ્યાસક્રમ મુજબ 20 પ્રકરણો દ્વારા સરળ અને સચોટ સમજુતી.
- દરેક પ્રકરણનું "પાયાની સમજ" સ્વરૂપે વર્ણન.
- અગત્યની માહિતીઓનું શોર્ટકટ પદ્ધતિઓ, સુત્રો, ટેબલ, ચાર્ટ, આકૃતિઓ અને યાદ રાખો સ્વરૂપે સચોટ વર્ણન.
- કોયડો (Puzzle) રૂપે નવા પ્રકરણનો સમાવેશ.
- 65+ પ્રકારના પ્રશ્નોની સરળ સમજૂતી સહિત રજૂઆત.
- દરેક પ્રકરણના અંતે 2022 સુધીની પરીક્ષામાં પૂછાયેલ 504 પ્રશ્નો, મહાવરા માટેના 660 પ્રશ્નોની સમજૂતી સાથે રજૂઆત તથા મહાવરા (સ્વ-અધ્યયન) માટેના 797 પ્રશ્નો સહિત કુલ 2000+ પ્રશ્નોનો સમાવેશ.

DOWNLOAD NOW

YUVA UPNISHAD FOUNDATION

AVAILABLE ON Play Store Classplus ORG Code : AAIJU

| ADAJAN | VARACHHA | KATARGAM | VYARA | MANDVI | VALSAD | CHIKHLI | DHARAMPUR | GANDHINAGAR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 83479 30810 | 88494 82275 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 99094 39622 | 85115 39971 | 97260 86976 |

Follow us on : / Yuva Upnishad Foundation

**4. ઘન અને ઘનમૂળની શ્રેણી (Cube and Cube Root Series)**

⇨ શ્રેણીમાં ઘનનો સરવાળો : આ પ્રકારની શ્રેણીમાં પહેલાની સંખ્યામાં કોઈ ચોક્કસ અંકનો ઘન કરીને ઉમેરતાં પછીની સંખ્યા મળે છે.

Ex. 2, 10, 37, 101, ?

(A) 169 (B) 225

(C) 196 (D) 226

2 10 37 101 [226]

+8 $(2)^3$, +27 $(3)^3$, +64 $(4)^3$, +125 $(5)^3$

## ❍ પ્રકાર-2 મૂળાક્ષર શ્રેણી (Alphabet Series)

મૂળાક્ષર શ્રેણીમાં પ્રશ્નોનો ઝડપી ઉકેલ મેળવવા માટે અંગ્રેજી મૂળાક્ષરોનો ક્રમ યાદ રાખવો જરૂરી છે.

| આગળથી ક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષરો | A | B | C | D | E | F | G | H | I | J | K | L | M |
| પાછળથી ક્રમ | 26 | 25 | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 |

| આગળથી ક્રમ | 26 | 25 | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષરો | Z | Y | X | W | V | U | T | S | R | Q | P | O | N |
| પાછળથી ક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |

⇨ મૂળાક્ષર શ્રેણીમાં નીચે મુજબની ગાણિતીક પ્રક્રિયાનો ઉપયોગ કરીને શ્રેણી બનાવવામાં આવે છે.

**1. સરવાળાની શ્રેણી (Addition Series)**

⇨ મૂળાક્ષરોની શ્રેણીમાં સમાન સંખ્યાનો સરવાળો :

Ex. A, D, G, J, M, ?

(A) R (B) B

(C) W (D) P

1 4 7 10 13 16

A D G J M [P]

+3 +3 +3 +3 +3

⇨ શ્રેણીમાં અસમાન સંખ્યાનો સરવાળો :

Ex. B, C, E, H, L, ?

(A) M (B) N

(C) P (D) Q

2 3 5 8 12 17

B C E H L [Q]

+1 +2 +3 +4 +5

**2. બાદબાકીની શ્રેણી (Subtraction Series)**

⇨ મૂળાક્ષરોની શ્રેણીમાં સમાન સંખ્યાની બાદબાકી :

Ex. Z, X, V, T, R, ?

(A) O (B) S

(C) Q (D) P

26 24 22 20 18 16

Z X V T R [P]

-2 -2 -2 -2 -2

⇨ મૂળાક્ષરોની શ્રેણીમાં અસમાન સંખ્યાની બાદબાકી :

Ex. P, O, M, J, ?, A

(A) B (B) D

(C) F (D) C

16 15 13 10 6 1

P O M J [F] A

-1 -2 -3 -4 -5

## ❍ પ્રકાર-3 સંખ્યા-મૂળાક્ષર શ્રેણી (Alpha-Numeric Series)

⇨ સંખ્યા/ મૂળાક્ષરની અલગ શ્રેણી :

Ex. C2, F3, I5, L7, ?, R13, U17, X19

(A) O11 (B) O9

(C) Q11 (D) Q9

+3 +3 +3 +3 +3 +3 +3

C 2 F 3 I 5 L 7 [O 11] R 13 U 17 X 19

અહીં, મૂળાક્ષર શ્રેણી +3 ના વધારાને અનુસરે છે, જ્યારે સંખ્યા શ્રેણી અવિભાજ્ય સંખ્યાની ભાતને અનુસરે છે.

⇨ સંખ્યા/ મૂળાક્ષરની મિશ્ર શ્રેણી :

Ex. C5, F4, E7, ?, G9

(A) F9 (B) D7

(C) H6 (D) 8G

C 5 F 4 E 7 [H 6] G 9

(+1 +1 +1 +1 +1 +1 +1 +1)

YUVA UPNISHAD PUBLICATION DEMO COPY

## 11.7 દિશા અને અંતર

### ❍ પાયાની સમજ

દિશા અને અંતર કસોટીનો હેતુ ઉમેદવારના દિશા સંબંધી જ્ઞાનને ચકાસવાનો હોય છે. આ પ્રકારના પ્રશ્નોમાં ઉમેદવારે પોતાના દિશા સંબંધી જ્ઞાનનો ઉપયોગ કરીને સાચો જવાબ શોધવાનો હોય છે.

⇨ સામાન્યતઃ દિશા સંબંધી જ્ઞાન માટે નીચેની આકૃતિને યાદ રાખવી જરૂરી છે, કારણ કે પ્રશ્નોમાં દિશાની સાથે સાથે જમણી કે ડાબી બાજુ ચાલવાનું પણ આપવામાં આવે છે.




### ❍ પ્રકાર-1 દિશા આધારિત પ્રશ્ન

1. નિર્વા એક બિંદુથી કોઈ નિશ્ચિત દિશામાં ચાલવાનું શરૂ કરે છે. થોડુક ચાલ્યા બાદ, તે જમણી બાજુ વળાંક લઈને ચાલે છે. થોડાંક સમય બાદ, ડાબી બાજુ વળાંક લઈને ચાલે છે. અંતે જમણી બાજુ વળાંક લે છે. જો અંતમાં તેનું મુખ પશ્ચિમ દિશામાં આવે તો તેને મુસાફરી કઈ દિશામાં શરૂ કરી હશે?

EX.




અહીં આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે નિર્વાનું મુખ અંતમાં પશ્ચિમ દિશામાં છે જેથી તેણે મુસાફરીની શરૂઆત દક્ષિણ દિશા તરફ કરી હશે.

### ❍ પ્રકાર-2 અંતર આધારિત

દિશા તેમજ અંતર આધારિત પ્રશ્નો એક સમાન જ હોય છે. દિશા આધારિત પ્રશ્નોમાં વ્યક્તિની પ્રારંભિક કે અંતિમ સ્થાનની સાપેક્ષમાં દિશા પૂછવામાં આવે છે. જ્યારે અંતર આધારિત પ્રશ્નોમાં વ્યક્તિનું એક સ્થાનનું બીજા સ્થાનની સાપેક્ષમાં અંતર પૂછવામાં આવે છે.

1 એક વખત રવિરાજ ઘરથી દક્ષિણ ભાગમાં સાયકલ વડે 20 કિ.મી.નું અંતર કાપે છે. ત્યારબાદ બે ક્રમિક જમણી બાજુ વળાંક લઈને અનુક્રમે, 10 કિ.મી. તથા 20 કિ.મી.નું અંતર કાપે છે અને ડાબી બાજુ વળાંક લઈને 20 કિ.મી.નું અંતર કાપે છે. તો હવે ઘરે પહોંચવા માટે કેટલું અંતર કાપવું પડે ?

EX.




અહીં આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે રવિરાજને પ્રારંભિક સ્થાન એટલે કે ઘર સુધી પહોંચવા માટે 30 કિ.મી.(20 કિ.મી. + 10 કિ.મી. )નું અંતર કાપવું પડે.

### ❍ પ્રકાર-3 ખૂણા આધારિત

ખૂણા આધારિત પ્રકારમાં વ્યક્તિ સમઘડી કે વિષમઘડી દિશામાં અમુક ડિગ્રીનો વળાંક લે છે. આ વળાંકના આધારે વ્યક્તિની દિશા શોધવાની હોય છે.

1 એક વ્યક્તિ ઉત્તર દિશામાં મુખ રહે તેમ ઊભો છે. તે સમઘડી દિશામાં 45° નો વળાંક લે છે. ત્યારબાદ વિષમઘડી દિશામાં 180° નો વળાંક લે છે. અંતે વિષમઘડી દિશામાં 45° નો વળાંક લે છે તો તેનું મુખ કઈ દિશામાં હશે ?

EX.




અહીં આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે જો વ્યક્તિ ઉત્તર દિશામાં મુખ રાખીને ઉભો હોય અને સમઘડી દિશામાં 45° નો વળાંક લે ત્યારે તેનું મુખ ઉત્તર–પૂર્વ દિશા તરફ થશે. ત્યારબાદ વિષમઘડી દિશામાં 180° વળાંક લેતાં વ્યક્તિનું મુખ દક્ષિણ–પશ્ચિમ દિશા તરફ થશે. અંતમાં વ્યક્તિ વિષમઘડી દિશામાં 45° નો વળાંક લે ત્યારે તેનું મુખ દક્ષિણ દિશા તરફ થશે.

### ❍ પ્રકાર-4 પાયથાગોરસ પ્રમેય આધારિત

1 સંધ્યા તેના ઘરથી પૂર્વ દિશામાં 4 કિ.મી. ચાલે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળાંક લઈને 3 કિ.મી. ચાલે છે. તો તેના ઘરે પહોંચવા માટે ટૂંકામાં ટૂંકુ

DEMO COPY
YUVA UPANISHAD FOUNDATION

## ○ પ્રકાર-3 મિનિટ અને કલાક કાંટાનું પરિભ્રમણ (અંશમા)

| | કલાક કાંટો | મિનિટ કાંટો |
|---|---|---|
| | કલાક કાંટો મિનિટ કાંટાથી નાનો અને ધીમો હોય છે, જેને ઘડિયાળનું 360° અંશનું એક પરિભ્રમણ પૂર્ણ કરતા 12 કલાક લાગે છે. | મિનિટ કાંટો કલાક કાંટા કરતા મોટો અને કલાક કાંટા કરતાં ઝડપી હોય છે, જેને ઘડિયાળનું 360° અંશનું એક પરિભ્રમણ પૂર્ણ કરતા 1 કલાક / 60 મિનિટનો સમય લાગે છે. |
| 1 મિનિટમાં પરિભ્રમણ | 60 મિનિટ→ 30°<br>1 મિનિટ→ (?)<br>$\frac{30°}{60} = 0.5°$ અથવા $\frac{1°}{2}$ | 60 મિનિટ→ 360°<br>1 મિનિટ→ (?)<br>$\frac{360°}{60} = 6°$ |
| 1 કલાકમાં પરિભ્રમણ | 12 કલાક→ 360°<br>1 કલાક→ (?)<br>$\frac{360°}{12} = 30°$ | 1 મિનિટ→ 6°<br>60 મિનિટ→ (?)<br>$\frac{60 \times 6°}{1} = 360°$ |

નોંધ : મિનિટ કાંટો કલાક કાંટા કરતાં 12 ગણો ઝડપી પરિભ્રમણ કરે છે.

⇨ Ex.1 સવારે 3:00 વાગ્યાથી શરૂ કરીને સવારના 6:30 વાગ્યા સુધીમાં કલાક કાંટાએ કેટલું પરિભ્રમણ કર્યું હશે?

⇨ સવારે 3:00 વાગ્યાથી શરૂ કરીને સવારના 6:30 વાગ્યા સુધી એટલે કે 3 કલાક અને 30 મિનિટનો સમયગાળો

∴ 3 કલાકમાં પરિભ્રમણ $= 3 \times 30° = 90°$

∴ 30 મિનિટમાં પરિભ્રમણ $30 \times \frac{1}{2} = 15°$

∴ કુલ પરિભ્રમણ $= 90° + 15° = 105°$

અથવા

3 કલાક અને 30 મિનિટ એટલે 210 મિનિટ

1 મિનિટમાં પરિભ્રમણ → 0.5°

210 મિનિટમાં પરિભ્રમણ → (?)

∴ કુલ પરિભ્રમણ $= 210 \times 0.5° = 105°$

⇨ Ex.2 9:00 વાગ્યાથી 12:00 સુધીમાં મિનિટ કાંટાએ કેટલા ચક્કર પૂર્ણ કર્યા હશે?

⇨ મિનિટ કાંટો 1 કલાક (60 મિનિટ)→1 ચક્કર (360°)

9:00 થી 12:00 વાગ્યા સુધીમાં 3 કલાક→ 3 ચક્કર (1080°)

⇨ Ex.3 ઘડિયાળનો મિનિટ કાંટો 1 મિનિટમાં પરિભ્રમણ કરે છે, તેટલા જ સમયમાં સેકન્ડ કાંટો કેટલું પરિભ્રમણ કરે ?

⇨ મિનિટ કાંટો 1 મિનિટમાં → 6° પરિભ્રમણ કરે છે. જ્યારે સેકન્ડ કાંટો 1 મિનિટ (60 સેકન્ડ)માં → 360° નું પરિભ્રમણ કરે છે.

## ○ પ્રકાર-4 મિનિટ અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો

ખૂણો $(\theta) = \frac{60H - 11M}{2}$, જ્યાં H= Hour (કલાક) અને M= Minute (મિનિટ) છે.

નોંધ : જ્યારે જવાબ 180° કરતાં વધારે આવે તો 360° માંથી બાદ કરવો.

જ્યારે આપેલ પ્રશ્નનો જવાબ –ve (ઋણ) આવે તો તેને + ve (ધન) ગણવો. કારણ કે ખૂણો ઋણ હોઈ શકે નહીં.

Ex.1 4:20 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલો હશે ?

⇨ અહીં, H = 4 અને M = 20 થશે.

$$\text{ખૂણો } (\theta) = \frac{60H-11M}{2} = \frac{(60 \times 4)-(11 \times 20)}{2} = \frac{240-220}{2} = \frac{20}{2} = 10°$$

અહીં 4:20 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો 10° હોય.

### વિવિધ પ્રકારના પ્રશ્નોની સમજૂતી

1. 7:30 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલો હશે ?

(A) 30° (B) 35°

(C) 40° (D) 45°

ANS (D) 45°

EX. અહીં, H = 7 અને M = 30 થશે.

$$\text{ખૂણો } (\theta) = \frac{60H-11M}{2} = \frac{(60 \times 7)-(11 \times 30)}{2} = \frac{420-330}{2} = \frac{90}{2} = 45°$$

DEMO COPY

YUVA UPNISHAD PUBLICATION

Giving Wings To Fly

2ND COLOUR EDITION 2022-23

# સામાન્ય વિજ્ઞાન

| 1st RANK | 1st RANK | 1st RANK | 1st RANK | 5th RANK |
|---|---|---|---|---|
| HOT NEW RELEASES | BESTSELLERS | HOT NEW RELEASES | BESTSELLERS | HOT NEW RELEASES |
| GPSC Category | GPSC Category | SPSE Category | SPSE Category | Government Exam |

**વર્ણનાત્મક સ્વરૂપે**




PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

## પુસ્તકની વિશેષતાઓ

- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર (GCERT અને NCERT) દ્વારા પ્રકાશિત નવા પાઠ્યપુસ્તકો તથા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત પરીક્ષાલક્ષી વિષયવસ્તુની વર્ણનાત્મક રજૂઆત.
- જીવ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનો સમાવેશ.
- ઘણાં પ્રકરણોનું પુનઃલેખન તેમજ 5 નવા પ્રકરણોનો સમાવેશ.
- વિજ્ઞાન અને ટેક્નોલોજીને લગતી તાજેતરમાં થયેલ ઘટનાઓ જેમકે કોરોના વાઈરસ, મંકીપોક્સ વાઈરસ, અવકાશમાં થયેલ નવા સંશોધનો વગેરેનો સમાવેશ.
- વિજ્ઞાનની મહત્વની બાબતોની 120થી વધુ આકૃતિઓ, 130થી વધુ ટેબલ તથા 30થી વધુ ચાર્ટ દ્વારા સરળ રજૂઆત.

| ADAJAN | VARACHHA | KATARGAM | VYARA | MANDVI | VALSAD | CHIKHLI | DHARAMPUR | GANDHINAGAR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 83479 30810 | 88494 82275 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 99094 39622 | 85115 39971 | 97260 86976 |

Follow us on : / Yuva Upnishad Foundation

TICKET NO. 12

# ગુજરાતનું સામાન્ય જ્ઞાન

## 12.1 ગુજરાત : એક પરિચય

### ❍ ભૌગોલિક ગુજરાત

**સ્થાપના :** 1લી મે, 1960

- પ્રથમ પાટનગર : અમદાવાદ
- વર્તમાન પાટનગર : ગાંધીનગર (વર્ષ 1971)
- ક્ષેત્રફળ : 1,96,024 ચોકિમી
- ગુજરાતનો ક્ષેત્રફળની દ્રષ્ટિએ દેશના ક્રમ : 5 મો
- અક્ષાંશ : 20.06° થી 24.07° ઉ. અક્ષાંશ
- રેખાંશ : 68.10° થી 74.28° પૂ. રેખાંશ
- ઉત્તર–દક્ષિણ લંબાઈ : 590 કિમી
- પૂર્વ–પશ્ચિમ પહોળાઈ : 500 કિમી
- દરિયા કિનારો : 1,600 કિમી(990 માઈલ) (કુલ 1664 કિમી)
- કર્કવૃત : ગુજરાતના ઉત્તર ભાગનાં 6 જિલ્લામાંથી પસાર થાય છે. જેનો પશ્ચિમ થી પૂર્વ તરફના ક્રમ મુજબ (1) કચ્છ (2) પાટણ (3) મહેસાણા (4) ગાંધીનગર (5) સાબરકાંઠા (6) અરવલ્લી.
- સીમા : ઉત્તર દિશામાં પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ તથા રાજસ્થાન રાજ્ય તથા પશ્ચિમ અને દક્ષિણે અરબ સાગર આવેલો છે.
- યુનિવર્સિટીઓ : 65
- SEZ : 47 SIR : 11
- આંતરરાષ્ટ્રીય હવાઈ મથક : અમદાવાદ
- અખાત : 2 (કચ્છનો અખાત અને ખંભાતનો અખાત)

### ❍ સ્થાનિક સ્વરાજ

**પંચાયતી રાજનો અમલ :** 1 એપ્રિલ, 1963

- કુલ જિલ્લા : 33
- કુલ જિલ્લા પંચાયત : 33
- કુલ તાલુકા : 252
- કુલ તાલુકા પંચાયતઃ 247
- કુલ ગામડાં : 18,584
- કુલ ગ્રામ પંચાયતો : 14,017
- કુલ ટાઉન : 264
- નગરપાલિકાઓ : 162
- મહાનગરપાલિકાઓ : (1) અમદાવાદ (2) વડોદરા (3) સુરત (4) રાજકોટ (5) જામનગર (6) જૂનાગઢ (7) ગાંધીનગર (8) ભાવનગર

### ❍ રાજ્ય પ્રતીકો

**રાજ્યભાષા :** ગુજરાતી

- રાજ્યગીત : જય જય ગરવી ગુજરાત
- પક્ષી : સુરખાબ(ફ્લેમિંગો)
- પ્રાણી : સિંહ
- ફૂલ : ગલગોટો (મેરીગોલ્ડ)
- વૃક્ષ : આંબો
- રાજ્યનૃત્ય : ગરબા
- રાજ્યરમત : ક્રિકેટ, કબડ્ડી
- રાજ્ય પતંગિયું : પ્લેન ટાઈગર ( જાહેર કરવામાં આવશે)

### ❍ રાજકીય સ્થિતિ

**પ્રથમ વિધાનસભાનું સ્થળ :** અસારવા ખાતે નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (OPD બિલ્ડિંગ)

- હાલની વિધાનસભાનું સ્થળ : વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સેક્ટર–10, ગાંધીનગર
- **પ્રથમ સચિવાલય :** પોલિટેકનિક કોલેજ (અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં)
- પ્રથમ વિધાનસભાનો પ્રારંભ : 18 ઓગસ્ટ, 1960
- પ્રથમ વિધાનસભાની બેઠક : 132
- પાંચમી વિધાનસભાની બેઠકો : 182
- વર્તમાન વિધાનસભાની બેઠકો : 182
- લોકસભાની બેઠક : 26
- રાજ્યસભાની બેઠકો : 11
- પ્રથમ મુખ્યમંત્રી : ડૉ. જીવરાજ નારાયણ મહેતા (અમરેલી)
- પ્રથમ મહિલા મુખ્યમંત્રી : આનંદીબેન પટેલ
- પ્રથમ રાજ્યપાલ : મહેંદી નવાઝ જંગ
- પ્રથમ મહિલા રાજ્યપાલ : શારદા મુખર્જી
- પ્રથમ વિરોધ પક્ષના નેતા : નગીનદાસ ગાંધી
- પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી : અમરસિંહ ચૌધરી
- પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી : બાબુભાઈ પટેલ
- વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ : કલ્યાણજી મહેતા

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

TICKET NO. 13

# ભારતનું સામાન્ય જ્ઞાન

## 13.1 ભારતના પ્રથમ વ્યક્તિ

- બંગાળના પ્રથમ ગવર્નર : રોબર્ટ ક્લાઈવ (1764)
- બંગાળના પ્રથમ ગવર્નર જનરલ : વોરન હેસ્ટિંગ્ઝ (1773)
- ભારતના પ્રથમ ગવર્નર જનરલ : લોર્ડ વિલિયમ બેન્ટિક (1833)
- ભારતના પ્રથમ વાઈસરોય : લોર્ડ કેનિંગ (1858)
- સ્વતંત્ર ભારતનાં પ્રથમ ગવર્નર જનરલ :લોર્ડ માઉન્ટ બેટન (1947)
- સ્વતંત્ર ભારતનાં પ્રથમ અને અંતિમ ભારતીય ગવર્નર જનરલ : ચક્રવર્તી રાજગોપાલાચારી (1948)
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ : વ્યોમેશચંદ્ર બેનર્જી (1885)
- સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ : જે.બી. કૃપલાણી (1947)
- પ્રથમ મહિલા વિદ્યાપીઠની સ્થાપના : ધોંડો કેશવ કર્વે (1943)
- પ્રથમ રાષ્ટ્રપતિ : ડો. રાજેન્દ્ર પ્રસાદ (1950)
- પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ : ડો. ઝાકીર હુસેન (1967)
- પ્રથમ દલિત રાષ્ટ્રપતિ : ડો. કે.આર.નારાયણ (1997)
- પ્રથમ શીખ રાષ્ટ્રપતિ : જ્ઞાની ઝૈલસિંહ (1982)
- પ્રથમ ઉપરાષ્ટ્રપતિ : ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન (1950)
- પ્રથમ વડાપ્રધાન : જવાહરલાલ નેહરુ (1947)
- પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી : સરદાર વલ્લભભાઈ પટેલ(1947)
- સ્વતંત્ર ભારતમાં જન્મેલા ભારતના પ્રથમ વડાપ્રધાન : નરેન્દ્ર મોદી (2014)
- લોકસભાના પ્રથમ અધ્યક્ષ : ગણેશ વાસુદેવ માવળંકર (1952)
- લોકસભાના પ્રથમ દલિત અધ્યક્ષ : જી.એમ.સી બાલયોગી (1998)
- લોકસભાના વિરોધપક્ષના પ્રથમ નેતા : રામસુભગ સિંહ (1977)
- રાજ્યસભામાં વિરોધપક્ષના પ્રથમ નેતા : કમલાપતિ ત્રિપાઠી (1977)
- ભારતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ : હરિલાલ જે.કણિયા (1950)
- સ્વતંત્ર ભારતમાં જન્મેલા ભારતના મુખ્ય ન્યાયાધીશ : એસ.એચ. કાપડિયા (2010)
- પ્રથમ ચૂંટણી કમિશનર :સુકુમાર સેન (1950)
- બ્રિટિશ પાર્લામેન્ટના પ્રથમ હિન્દી સભ્ય : દાદાભાઈ નવરોજી (1891)
- પ્રથમ શિક્ષણ મંત્રી : અબુલ કલામ આઝાદ (1947)
- પ્રથમ કાયદા મંત્રી : બાબાસાહેબ આંબેડકર (1947)
- પ્રથમ સંરક્ષણ મંત્રી : સરદાર બલદેવસિંઘ (1947)
- કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાજીનામું આપનાર : શ્યામાપ્રસાદ મુખર્જી (1950)
- લોકસભામાં ચૂંટાઈ આવનાર પ્રથમ વૈજ્ઞાનિક : ડો. મેઘનાથ સહા (1952)
- લશ્કરના પ્રથમ ફિલ્ડ માર્શલ : જનરલ માણેકશા (1971)
- વાયુ સેનાના પ્રથમ અધ્યક્ષ : એર માર્શલ એસ.મુખર્જી (1911)
- નૌ સેનાના પ્રથમ અધ્યક્ષ : વાઈસ એડમિરલ આર.ડી.કટારી (1958)
- પ્રથમ ચીફ ઓફ આર્મી સ્ટાફ : જનરલ એમ.રાજેન્દ્રસિંહ (1953)
- પ્રથમ સરસેનાપતિ : જે. કે.એમ. કરિઅપ્પા (1949)
- ભારતના પ્રથમ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) : બિપીન રાવત (2019)
- આઈ.સી. એસ અધિકારી :સત્યેન્દ્રનાથ ટાગોર (1940)
- પ્રથમ ભારતીય અવકાશયાત્રી : કેપ્ટન રાકેશ શર્મા (1984)
- માઉન્ટ એવરેસ્ટ સર કરનાર : શેરપા તેનસિંગ નોર્ગે(1953)
- ઈંગ્લિશ ખાડી પાર કરનાર પ્રથમ ભારતીય : મિહિર સેન (1958)
- સ્વતંત્ર ભારતના પ્રથમ રિઝર્વ બેન્કના ગવર્નર : ચિંતામણીરાવ દેશમુખ (1943)
- સંયુક્ત રાષ્ટ્રસંઘમાં હિન્દી બોલનાર : અટલ બિહારી વાજપાઈ (1977)
- પ્રથમ ભારતીય ટેસ્ટ ક્રિકેટના કેપ્ટન :સી.કે.નાયડુ (1932)
- ટેસ્ટ ક્રિકેટ રમનાર પ્રથમ ભારતીય ખેલાડી : જામ રણજીતસિંહ (1896)
- વનડે ક્રિકેટમાં હેટ્રીક મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી : ચેતન શર્મા (1987)
- ટેસ્ટ ક્રિકેટમાં હેટ્રીક મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી : હરભજનસિંઘ (2001)
- પ્રથમ ભારતીય ફિલ્મ નિર્દેશક : દાદાસાહેબ ફાળકે (1913)

## 13.2 ભારતના પ્રથમ મહિલા

- ભારતના પ્રથમ શાસક : રઝિયા સુલ્તાન (1236)
- પ્રથમ મહિલા ક્રાંતિકારી : મેડમ ભીખાજી કામા
- યુદ્ધમાં પ્રત્યક્ષ લડનાર પ્રથમ મહિલા : રાણી લક્ષ્મીબાઈ (1857 નો વિપ્લવ) (1857)
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ : ડો. એની બેસન્ટ (1917)
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ ભારતીય અધ્યક્ષ : સરોજિની નાયડુ (1925)
- પ્રથમ રાષ્ટ્રપતિ : પ્રતિભા પાટીલ (2007)
- પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ : દ્રૌપદી મૂર્મુ (2022)
- રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરનાર : કેપ્ટન લક્ષ્મી સેહગલ (2002)
- પ્રથમ વડાપ્રધાન :ઈન્દિરા ગાંધી (1966)
- પ્રથમ સાંસદ : રાધાબાઈ સુબારાયન (1938)
